

## વડીલોને વંદન અભિનંદન



ગિરીશભાઇ કે. શાહ
(૧૯૪૩) મો. ૯૪૨૬૨૪૧૮૬૦



દશરથલાલ એસ. ગાંધર્વ
(૧૯૪૮) મો. ૯૪૨૬૫૧૬૭૮૫

# થલતેજથી ત્રીસ લાખના દાગીના સાથે ગુમ મહિલાની તાંત્રીક વિધી બાદ હત્યા

## વિધી વખતે હાજર કલોલની વિધવા મહિલાએ ફસાઈ જવાના ડરથી ઝેરી દવા પી લીધી : ગુમ થયેલી મહિલાનો મૃતદેહ રણછોડપુરાના અવાવરૂ જગ્યાએથી મળી આવ્યો : મૃતદેહની બાજુમાંથી વિધી માટેની સામગ્રી મળી આવી : હત્યારાઓ સુધી પહોંચવા તપાસ તેજ બનાવાઈ

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આજે બે ચોંકાવનારા કિસ્સા બનવા પામ્યા છે. એક તરફ રણછોડપુરા વિસ્તારમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો તો બીજી તરફ પોતાના ઘરે વિધવા મહિલાએ આપઘાત કરી લીધો હતો. ચોંકાવનારી બાબત એ છે કે ઉપરોક્ત બન્ને કિસ્સાઓ એકબીજી ઘટના સાથે સંલગ્ન છે. થલતેજ વિસ્તારની એક મહિલા ૩૦ લાખના દાગીના સાથે ગુમ થઈ હતી તેનો મૃતદેહ રણછોડપુરામાંથી મળી આવ્યો છે. મૃતદેહની બાજુમાં તાંત્રીકવિધી માટે વપરાતી સાધન-સામગ્રીઓ મળી આવી છે, તો બીજી તરફ આપઘાત કરી લેનાર વિધવા મહિલા આ વિધી વખતે સ્થળ પર હાજર હોવાની આશંકા છે. આ મર્ડર કેસમાં તેણીની સંડોવણી નીકળે તેવી પણ શક્યતાઓ વર્તાઈ છે. થલતેજની મહિલાની મૃતદેહના પી.એમ.માં તેણીની ખોપડી ક્રેક હોવાનું બહાર આવ્યું છે. હત્યામાં કોણ કોણ સામેલ છે તે સહીતની તપાસ કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવેએ વૈજ્ઞાનિક ઢબે શરૂ કરી છે.

કલોલના બોરીસણા ગામમાં સ્થિત પટેલ પરામાં રહેતી વિધવા મહિલા સૂર્યાબેન વાસુભાઈ પટેલ લગ્ન વિષયક કામકાજ કરતી હતી. સોલાના થલતેજ રોડ પરના રત્નસાગર કોમ્પલેક્ષમાં તેણીના કુટુંબી રહેતા હોવાથી અવારનવાર ત્યાં જવાનું થતુ હતુ. તેમનો સંપર્ક પડોશી ગીતાબેન અને તેમના પતિ રવિચંદભાઈ પટેલ સાથે થયો હતો. ગીતાબેનનો પુત્ર બ્રિજેશ અને ભાઈ પ્રમોદભાઈ લગ્ન વયે પહોંચ્યા હોવાથી ગીતાબેન કલોલના સૂર્યાબેનના સંપર્કમાં રહેતા હતા. દરમ્યાન ૧૯મી ઓગષ્ટે ગીતાબેન ૩૦ લાખના દાગીના લઈને ક્યાંક ગુમ થઈ ગઈ હતી. સોલા પોલીસ સ્ટેશને પતિ રવિચંદે જાણવા જોગ નોંધાવી હતી. જેમાં ઉલ્લેખ કર્યો હતો કે તેમણે મકાન પર લોન લીધી હતી પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હોવાથી લોનના નાણાં ભરી ન ભરી શકતા બેંકે મકાનને ડીસ્પોઝલ કરવાની નોટીસ આપી હતી. ગીતાબેન બોરીસણાના સૂર્યાબેનને મળતા તેણીએ રસ્તો બતાવ્યો હતો કે દાગીના આપો તો વિજયભાઈ નામની વ્યક્તિ પાસેથી તરત જ પૈસા અપાવી દઉ. પરંતુ દાગીનાની વ્યવસ્થા ન થતા મકાનના ઝેરોક્ષ દસ્તાવેજો દ્વારા ગોઠવણીની વાત થઈ હોવાનું જાણવાજોગમાં દર્શાવ્યુ છે. સૂર્યાબેને રવિચંદને તેમની પત્નિ ગીતાબેનને આ વાત ન કરવા જણાવ્યું હતું. સૂર્યાબેન ગીતાબેનને, તેણીના પતિને અને દિકરાને જે કાંઈ વાત કરતાં તે એકબીજાને ન કરવા પહેલેથી જ કહી દેતા હતા. દરમ્યાન સોમવારે ગીતાબેન દાગીના લઈને ગુમ થઈ જતાં પતિ રવિચંદે સૂર્યાબેન વિરૂદ્ધ આક્ષેપ સાથે જાણવાજોગ નોંધાવી હતી.

બોરીસણામાં રહેતી સૂર્યાબેન પટેલે ગીતાબેનને ગુમ કરવાના પ્રકરણમાં કલોલ પોલીસે સૂર્યાબેનનું નિવેદન લીધુ હતુ. પોતે ફસાઈ જશે તેવા ડરથી આજે સવારે સૂર્યાબેને પીએસઆઈને ફોન કર્યો કે તમે મને ફસાવી દેશો હું આપઘાત કરી લઉ છુ. પીએસઆઈ તાત્કાલિક તેણીના ઘરે પહોંચી ગયા હતા પરંતુ ત્યાં સુધીમાં ઝેર પી ને આપઘાત કરી લીધો હતો.

ગુમ થયેલી ગીતાબેનનો આજે બપોરે રણછોડપુરામાં આવેલા આંતરસીટી ફાર્મની સામેની અવાવરૂ જગ્યાએથી વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેને પી.એમ. માટે મોકલાતા માથે બોથડ પદાર્થ મારીને હત્યા કરાઈ હોવાનું બહાર આવ્યુ છે. એટલે કે ખોપડીમાં ક્રેક થઈ જતા મૃત્યુ થયાનું બહાર આવ્યું છે. રૂ. ૩૦ લાખના દાગીનાના મામલે સમગ્ર હત્યાકાંડ રચાયો હોવાની શક્યતા છે. જે સ્થળેથી ગીતાબેનનો મૃતદેહ મળ્યો ત્યાંથી તાંત્રીક વિધીનો સામાન પણ મળી આવતા તાંત્રીક વિધીનો સામાન પણ મળી આવતા તાંત્રીક વિધીના બ્હાને હત્યા કરી હોવાની શક્યતા વર્તાઈ છે. એફએસએલની મદદથી સમગ્ર ગુંચવાયેલુ કોકડુ ઉકેલવા કલોલ તાલુકા પોલીસ મથામણ કરી રહી છે.

### વિધી માટે પાન પર લખેલા નામના અક્ષર હત્યારા સુધી પહોંચાડશે

ગીતાબેનનો મૃતદેહ જ્યાંથી મળ્યો ત્યાં બાજુમાં એક નાગરવેલનું સુકાઈ ગયેલું પાન પણ પડ્યુ હતુ. જેના પર પ્રમોદ અને બ્રિજેશના નામ લખેલા હતા. વિધી માટે આ લખાયેલા નામ પર કોના હસ્તાક્ષર છે તે એફએસએલ દ્વારા ચકાસવામાં આવશે અને શકમંદોના હસ્તાક્ષર લઈ તેનું પરીક્ષણ કરીને હત્યારા સુધી પહોંચવા પ્રયત્નો ચાલી રહ્યા છે.

### મૃતદેહ પાસેથી મળેલો તાંત્રીક વિધીનો સામાન

એફએસએલ અધિકારી જી.પી. દરબારે તપાસ માટે ગીતાબેનના મૃતદેહ પાસેથી મળેલી દીવડી, ધુપ, ચા, ખાંડ, પાણીની બોટલ, કંકુ, ચોખા, નાગરવેલના પાન, મીઠુ, નાનુ ચપ્પુ, બે પ્લાસ્ટીકના ગ્લાસ સહીતનો તાંત્રીકવિધી માટે વપરાતો સામાન કબ્જે લઈ લીધો છે અને સેમ્પલ પરીક્ષણ અર્થે મોકલી દેવામાં આવ્યા છે.

### હત્યામાં સૂર્યાબેનની સંડોવણીની શંકા કરાવતી એક પાણીની નાની બોટલ..!

ગીતાબેનનો મૃતદેહ જ્યાંથી મળ્યો તેની બાજુમાંથી મળી આવેલા તાંત્રીક વિધીના સામાનમાં એક નાની પાણીની બોટલ મળી આવી છે. જે કંપનીની પાણીની નાની બોટલ સ્થળ પરથી મળી હતી તે જ કંપનીની તેટલા જ માપની પાણીની નાની બોટલ બોરીસણામાં સૂર્યાબેનના ઘરેથી મળી આવી છે. સૂર્યાબેને જે બોટલમાં ઝેર નાંખીને ગટગટાવ્યુ હતુ તે પણ આ જ કંપનીની બોટલ હતી જેથી વિધી માટે લઈ જવાયેલો સામાન સૂર્યાબેન લઈ ગયા હોય તેવી પણ શક્યતા નકારી શકાય નહી.

# દહેગામમાં રખડતી ગાયોનાં ત્રાસથી નગરજનો-વાહનચાલકો પરેશાન

## રસ્તા ઉપર રખડતા ઢોરોના ઝુંડે-ઝૂંડથી વહિવટીતંત્ર નિષ્ફળ



(તસવીર : નિખિલ શાસ્ત્રી, દહેગામ)

દહેગામ, તા. ૨૨

દહેગામ શહેરના જાહેરમાર્ગો પર પશુચાલકો દ્વારા છુટી મુકવામાં આવતી રખડતી ગાયો જાહેર માર્ગો વચ્ચે ઊભી રહેતા વાહનચાલકો, અને નગરજનો ત્રાહીમામ પોકારી રહ્યા છે. અખબાર દ્વારા અહેવાલ આવતાં હોવા છતાં વહિવટી તંત્ર કાર્યવાહી કરવા આંખ-આડા કાન કરતી હોવાથી નગરજનો અને વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યા છે આ પરિસ્થિતિના કારણે વાહનચાલકોની પરિસ્થિતિ દયનીય બની રહી છે. આ અંગે દહેગામ નગરસેવા સદન અને દહેગામ પોલીસ વહેલી તકે કાર્યવાહી હાથ ધરે તેવી શહેરીજનો આશા વ્યક્ત કરી રહ્યાં છે.

આ પરિસ્થિતિના કારણે દહેગામ શહેરના રસ્તાઓ પર ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. સ્ટે હાઈવે રોડની બંને સાઈડો પર લારીઓ વાળાના અડીંગા તો વચ્ચે ગૌ-માતાના અડીંગા, જેના લીધે ટ્રાફિક સમસ્યા વિકટ બનતી જાય છે. જયારે દહેગામ નગરપાલિકાનો વહિવટ નિષ્ક્રીય થતો જાય છે. રોડ પર ફરતી ગાયોની રખેવાડી પોલીસને કરવી પડતી હોય છે. શું આ રખેવાડીનો પગાર સરકાર આપશે કે પશુપાલકો તેવું પોલીસ કર્મીઓ પણ પોકારી રહ્યા છે.

# માણસા-વિજાપુર તાલુકાના ગામોને સિંચાઈની સુવિધા આપવા રજુઆત

ગાંધીનગર, તા. ૨૨

ઉત્તર ગુજરાતના માણસા વિજાપુર તાલુકાનો ત્રિકોણીયો વિસ્તાર પાણીની ભયંકર અછત ભોગવતો વિસ્તાર છે. આ વિસ્તારને ધરોઈ કેનાલ કે નર્મદા પાઈપ લાઈનથી સિંચાઈના પાણીનો લાભ મળતો નથી. આ ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડ એરીયાવાળો ત્રિકોણીયો વિસ્તાર સિંચાઈની સુવિધાથી વંચિત રહેતાં દેલવાડા, મોતીપુરા, ચડાસણા, વિહાર, કુકરવાડા, પાલડી વગેરે ગામોના પીડીત લોકોએ આ અંગે શ્રી બાબુભાઈ બોખીરીયા મંત્રીશ્રી સિંચાઈ સમક્ષ રૂબરૂમાં રજુઆત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૦૭માં વિજાપુર મુકામે સંમેલનભરી ઉત્તર ગુજરાતના આ ત્રિકોણીયા વિસ્તારને સિંચાઈના પાણીની સુવિધા માટે મહત્વનું આયોજન કરી ૮ કેનાલો નાખવા સિંચાઈ વિભાગને રૂ. ૧૮ કરોડની ફાળવણી કરેલ, પણ યેનકેન કારણે આજે છ વર્ષ વીતી ગયા છતાં પરિણામ શૂન્ય છે.

પાણીના સોર્સ તરીકે ધરોઈ કેનાલમાંથી આ ત્રિકોણીયા વિસ્તારને પાણી મળી શકે તેવી કોઈ શક્યતા ન હોઈ, હવે નર્મદા કેનાલમાંથી સુજલામ સુફલામ યોજના હેઠળ ૧૪ જેટલી પાઈપ લાઈનો પૈકીની બાકી રહેલ પિયત ધરોઈ સૂચિત પાઈપ લાઈનનો રીસર્વે ઝડપથી કરાવી તાત્કાલિક ધોરણે હકારાત્મક નિર્ણય લઈ નર્મદાના સિંચાઈનાં પાણી આ વિસ્તારને મળે તેમ કરવા રજુઆત કરી હતી.

સુજલામ સુફલામ યોજના હેઠળની બાકી રહેલ સૂચિત પિયત ધરોઈ પાઈપ લાઈનને માણસા તાલુકાના ચડાસણા ગામે બનાવેલ ૧.૫૦ લાખ ક્યુસેકથી મોટી કેપેસીટી ધરાવતા જાયન્ટ તળાવ સુધી લાવી ત્યાં પંપીંગ સ્ટેશન બનાવી ત્રિકોણિયા વિસ્તારની ૮ કેનાલો સાથે પાઈપ લાઈન નાખી જોડાણ કરી તેમાં નર્મદાનું દરિયામાં વહી જતું વરસાદી પાણી નાખવાથી આ વિસ્તાર સિંચાઈથી લાભિત બની શકશે.

# શિલવાડ ગામના તળાવમાં ગેરકાયદેસર શીંગોડાનું વાવેતર

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના શીલવાડ ગામના તળાવમાં ગેરકાયદેસર શીંગોડાનું વાવેતર કરી કબજો કરવામાં આવતા તે દુર કરવા તાલુકા વિકાસ અધિકારી સહિત સક્ષમ અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ખેડબ્રહ્મા તાલુકાના શીલવાડ ગામનું તળાવ દમાવાસ ગૃપ ગ્રામ પંચાયતના સેજામાં આવે છે. ખેડબ્રહ્માથી વિજયનગર રોડ ઉપર આવેલ આ ગામનું એક માત્ર નાનું તળાવ છે જે લોકો તથા પશુઓ માટે આશીર્વાદ રૂપ છે. આ તળાવમાં વડાલીના ગોવિંદભાઈ ડાહ્યાભાઈ ભોઈએ ગેરકાયદેસર કબજો કરી શીંગોડાનું વાવેતર કર્યું છે જેથી ઢોર ઢાંખરને પાણી પીવાની સમસ્યા ઉભી થઈ છે. ગત વર્ષે પણ ગોવિંદભાઈ ભોઈએ તળાવમાં શીંગોડાનું વાવેતર કરી જંતુનાશક પાવડર નાખતા પશુના મોત થયાના બનાવ બનવા પામ્યા છે. આ તળાવનો ગેરકાયદેસર કબજો દૂર કરી લોકો તથા પશુઓ માટે ખુલ્લુ કરવામાં તાલુકા વિકાસ અધિકારી સહિત મુખ્યમંત્રી તથા કલેકટર ડીડીઓ તથા ધમાવાસ સરપંચ તલાટીને લેખિત જાણ કરવામાં આવી છે.

# અમદાવાદ રતનપુર બસમાં સવાર મુસાફરને અધવચ્ચે ઉતારી દીધા

ધનસુરા, તા. ૨૨

ગુજરાત રાજય રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન પ્રજાને વ્યાપક સુવિધા મળી રહે તેવા કામ કરતું હોવાનું તેમના અધિકારીઓ કહી રહ્યા છે પરંતુ ગુજરાત એસ.ટી. દ્વારા તાજેતરમાં જ નવી બસો પ્રજાને પડતી મુશ્કેલીને પહોંચી વળવા ખરીદવામાં આવી છે પરંતુ આમાં અમદાવાદ ડેપોની બસમાં ટીકીટ લીધા બાદ પણ તે ગામમાં તેમને ન ઉતારી રોડ ઉપર ઉતારી મુકવાની ઘટના સામે આવી છે.

ધનસુરાના મુકુંદભાઈ એચ. શાહ તેમના પત્ની સાથે અમદાવાદથી સાંજના સમયે ઉપડતી અમદાવાદ રતનપુર બસમાં ધનસુરાની ટિકિટ લઈ બેઠા હતા. તાજપુર બ્રીજ બંધ હોવાથી અમદાવાદની તમામ બસો ડાયવર્ઝન હોવાથી હરસોલથી પુંસરી થઈ ધનસુરા થઈ જાય છે. કેટલીક બસ આંબલીયારા રોડ થઈને પણ જતી હોય છે. અમદાવાદ રતનપુર બસ અમદાવાદ ડેપોમાંથી ઉપડી ધનસુરા ન આવતાં બારોબાર મોડાસા રોડ ઉપર જતાં પરિવારને શંકા જતાં હોલિખંડ આવ્યા ત્યારે મોડાસા સીધી જ જતી લાગતી બસના કડંકટરને પૂછતા જણાવેલ કે ધનસુરા નહિ જાય તેથી પરિવાર મુશ્કેલીમાં મુકાયો હતો. અડધી રાતે હોલિખડના અંધારામાં અન્ય મુસાફરોની સાથે બસમાંથી ઉતારી કડંકટરે સામેથી આવતી ટ્રકના ડ્રાયવરને વિનંતી કરી ઉભી રખાવી બેસાડવાની વ્યવસ્થા કરાવી હતી પરંતુ મુસાફરો સલામતીની સવારીમાં જ અસલામતી અનુભવતા નજરે ચઢયા હતા.

# ડીસાના ઓવરબ્રીજ પર અકસ્માતમાં એકનું મોત એક ઘાયલ

ડીસા, તા. ૨૨

ડીસના કાળુમુખા બનેલ ઓવર- બ્રીજ પર નવીન અસ્માત સર્જાતા છેલ્લા ૬ માસમાં અહીં



અકસ્માતમાં મૃત્યુ પામ્યાનો આંકડો ૧૨ પર પહોંચ્યો છે આજ રોજના અકસ્માતમાં મોટર સાયકલ પર સવારે બે યુવાનો પુલ પર વળાંકમાં પટકાયા હતા જેમાં એકનું મોત અને એક ગંભીર રીતે ઘાયલ થયેલ છે.

બનાસકાંઠાના ડીસાના આખોલ ગામ પાસે નેશનલ હાઈવે ઓથોરીટીએ બનાવલ ઓવર-બ્રીજ પર છાશવારે યોગ્ય દિશા સૂચક અને ભયજનક બોર્ડ તેમજ નિશાનીઓના અભાવે અહીં છાશવારે અનેકો અકસ્માત થાય છે અને છ માસમાં અંદાજીત ૧૨ જેટલા વાહનચાલકો અહીં મોતને ભેટતા ઓવર બ્રીજ વાહનચાલકોમાં કાળમુખો ઓવર-બ્રીજ તરીકે જાણીતો બનેલ છે ત્યારે આજે એક નવીન અકસ્માતની ઘટના પ્રકાશમાં આવેલ છે જેમાં દિયોદર તાલુકાના તેરવાડા ગામના બે યુવકો ભીલડી તરફથી ડીસા આવતા આ ઓવર-બ્રીજ પર અચાનક ટર્ન આવતા મોટર સાયકલ પર સવાર બે યુવાનો દીવાલ સાથે અથડાઈ રોડ પર અનેકો ફૂટ દુર ઘસડાયા હતા. જેમાં એકનું મોત થયું હતું જયારે તેનો સાથીદાર દેવજી અજુજી ઠાકોર ગંભીર રીતે ઘાયલ થતા તેને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ ઘટનાની જાણ થતા ડીસા તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતકની લાશને ડીસાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડી મામલાની તપાસ હાથ ધરેલ છે. આ મામલે ડીસાના કાળમુખા બનેલ ઓવર-બ્રીજ પર થતા અનેકો અકસ્માત મામલે તંત્ર જવાબદાર હોવાનું સ્થાનિકે જણાવ્યું હતું ત્યારે નેશનલ હાઈવે ઓથોરીટી આ મામલે છાશવારે મોતને ભેટતા વાહન ચાલકોના મોતને અટકાવવા અહીં યોગ્ય દિશા સૂચક બોર્ડ સહીત યોગ્ય કાર્યવાહી કરે તેવી લોક માંગ છે.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે પાલનપુર ખાતે રોટરી ક્લબ પાલનપુર સિટી દ્વારા જિલ્લા પંચાયત સંચાલિત ૧૪ પ્રાથમિક શાળાના ૭૦૦૦ વિદ્યાર્થીઓને ૨ જોડી સ્કુલ ડ્રેસનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. પ્રમુખ ડૉ. અશોક મહેશ્વરી અને મંત્રી એડવોકેટ કલ્પેશ રાવલ અને તેમની ટીમે સમગ્ર પ્રોજેક્ટને સફળ બનાવવા કમર કસી હતી.

# વજાપુર ગામની યુવતી ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના વજાપુર ગામે આશરે ૧૬ દિવસ પહેલા એક યુવતી અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધઈ હતી જેનું સારવાર દરમિયાન ગુરૂવારે વહેલી સવારે અમદાવાદ સિવિલમાં મોત નીપજ્યુંહતુ. ગાંભોઈ પોલીસમથકે અમદાવાદ સિવિલના ડોકટર પી. કાન્સરાએ જાણ કરતા અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘર નજીકના ખેતરમાં ગામમાં રહેતા નટવરભાઈ સોલંકીની ૧૮ વર્ષીય દીકરી નીતાબેને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેને તાત્કાલિક સારવાર માટે નજીકના રણાસણ સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવેલ પરંતુ તબિયત વધુ લથડતા અમદાવાદ સિવિલ તા. ૨૧-૮ લઈ ગયેલ જ્યાં સારવાર દરમિયાન વહેલી સવારે મોત નીપજ્યું હતું.

## શબ્દાવલી - ૫૧૫૭



### આડી ચાવી

૧. વનમાં આપમેળે સળગેલ અગ્નિ (૪)
૩. ... રાજા જરા જમકે બરસો (૩)
૬. એક વાનગી, ... ભાત (૨)
૭. અણસમજુ (૪)
૮. પતરવેલીયા (૩)
૧૦. તલનો પાક (૨)
૧૧. પ્રણાલી, પ્રથા (૫)
૧૩. આશ્ચર્ય (૩)
૧૭. ઓસરી, ખુલ્લી જગ્યા (૪)
૧૮. સ્ફુર્તિમય રહેવા દરરોજ... કરવી જોઈએ (૪)
૨૦. આંગળીથી... વેગળા (કહેવત) (૨)
૨૧. જન્માક્ષરમાં વ્યક્તિને... કહેવાય, જાતકર્મ (૩)

### ઊભી ચાવી

૧. ... કરવી, ગુંડાગીરી (૪)
૨. કેશ, મોવાળા (૨)
૩. ખેલ, ગેમ (૩)
૫. એક વાનગી (૩)
૭. નાખુશ દુભાયેલું (૩)
૮. પરિવારની ભાવનાવાળુ (૫)
૯. કમબખ્તી, આફત (૩)
૧૨. શરીર (૨)
૧૪. ગુજરાતી પ્રથમ મહિનો (૪)
૧૫. તાવની અસર (૪)
૧૬. પસંદગી (૩)
૧૭. પાછું આવવું તે (૩)
૧૯. શિક્ષા (૨)

### શબ્દાવલી ૫૧૫૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) આંચકો (૩) દેવદાસ (૬) ટળવળાટ (૭) લકવા (૧૦) સોળ (૧૧) આયોજન (૧૩) અંટી (૧૪) દવા (૧૫) ગડ (૧૭) ગમ (૧૯) શૉકેસ (૨૧) મરી (૨૩) નજર

**ઊભી ચાવી :-** (૧) આંબેલ (૨) કોટવાળ (૩) દેવ (૪) વળાવીયો (૫) દાટ (૮) કસોટી (૯) કનડગત (૧૧) આવગમન (૧૨) જગ (૧૩) અંદેશો (૧૬) કેશવ (૧૮) મરીજ (૨૦) કેદ

### કડક બંદોબસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. અને આ રેલીને તંત્ર દ્વારા મંજુરી મળી નથી અને માત્ર સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણીમાં મંજુરી મળી છે. તેમ છતાં યુવક કોંગ્રેસના કાર્યકરોએ જીદ પકડીને બેઠા છે કે આ રેલી બોરીજ ગામના રામદેવ પીર મંદિર પાસે યોજાશે જેને પગલે ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્રએ ૪ ડીવાયએસપી, ૪ પી.આઈ., ૧૦ પી.એસ.આઈ., ૭૫ પોલીસ જવાનો, ૨૦ મહિલા પોલીસ અને ૨ એસ.આર.પી. પ્લાટુન અને ૧ વોટર કેનન સાથેનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે. અને રેલીને આગળ વધવા ના દેવા તમામ પગલા પોલીસ કરી રહી છે. આથી આ રેલીમાં ઘર્ષણ થવાની સંભાવના છે.

### ગરમીમાં વધારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ બંધ રહેતા ગરમીમાં વધારો થયો છે. દિવસે અને રાત્રે પણ ખુબ ગરમી અનુભવાય છે. આજે મહત્તમ તાપમાન ૩૨ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી રહ્યું હતું. તડકો નીકળતા મચ્છરોનો ત્રાસ પણ વધવા માંડયો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે. મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બન્યો છે. ડેન્ગ્યુ, મેલેરીયા અને ચીકનગુનિયા સહિતના રોગોનો ભોગ વસાહતીઓ બની રહ્યા છે. તંત્ર એ ફોગીંગ સહિતની કામગીરીમાં તેજી લાવવી જોઈએ તેવું વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

### સંઘર્ષના સંકેત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યુ છે કે પ્રા. શાળાના શિક્ષકોની ઘટ, કોતરોનું ધોવાણ અટકાવવાના કોઈ પ્રયાસો તંત્રએ કર્યા નથી તો વર્ગખંડોનું રિપેરીંગ પણ થતુ નથી. પ્રોપર્ટી કાર્ડ પણ અપાતા નથી એટલુ જ નહિ આ ગામોમાં સફાઈની ક્યારેય કામગીરી કરવામાં આવી નથી.

આ રેલીમાં શહેરમાં સમાવિષ્ટ ૮ ગામોના રહીશો, યુવાનો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે તેવો દાવો કોંગ્રેસની બન્ને પાંખના આગેવાનો કરી રહ્યા છે.

### ટાઉનહોલમાં જરૂરી સુવિધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ અભેરાઈએ ચઢાવી દેવાઈ છે.

કલાકારોને સ્ટેજ પુરુ પાડવા ઉપરાંત નગરની કલા સંસ્થાઓ ઉપરાંત ટાઉનહોલમાં સરકારી અને બિનસરકારી કોલેજો યોજતા હોવાથી મહીનામાં ૧૫ દિવસ ટાઉનહોલ બુક હોય છે. પરંતુ ટાઉનહોલના ઉપયોગની સામે નિયત સમયના અંતે જરૂરી સુવિધાઓ અપગ્રેડ કરવાની કાર્યયોજના હજુ સફળ થઈ નથી. થોડા સમય અગાઉ પણ ટાઉનહોલમાં કર્નેઈન્ટમાં ખામી સર્જાઈ હતી. જ્યારે ઘણીવાર એર કન્ડીશન પ્લાન્ટમાં પણ ખરાબી આવતા શ્રોતાઓને ગરમીમાં અકળાવાનો વારો આવે છે. ટાઉનહોલની જાળવણીના મામલે પણ જવાબદાર એજન્સી યોગ્ય દરકાર ન લેતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આગામી સપ્ટેમ્બર મહીનામાં પણ ટાઉનહોલમાં વિવિધ સંસ્થાઓ દ્વારા કાર્યક્રમો યોજવાના હોવાથી ૨૦ દિવસનું બુકીંગ અત્યારથી જ થઈ ગયું છે. આવા સંજોગોમાં ટાઉનહોલના વપરાશ અને આવક સામે જરૂરી રીનોવેશન હાથ ધરવાની દરખાસ્ત મામલે કોઈ નિર્ણય લેવાતો નથી. સ્થાનિક રહીશોએ પણ જરૂરી કામગીરી હાથ ધરવા સૂર ઉઠાવ્યો છે.